



સંકલન : રાજેન્દ્ર પટેલ

## 'સાહિત્ય અને પત્રકારત્વ' વિશે પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૮ જાન્યુઆરી, ૨૦૧૩ મંગળવારના રોજ 'સાહિત્ય અને પત્રકારત્વ' વિષય પર એકદિવસીય પરિસંવાદ યોજાયો હતો. આરંભમાં કૃષ્ણા રાવલે સરસ્વતી વંદના કરી અને ઉદ્‌ઘાટન-બેઠકનું સંચાલન કર્યું હતું. રાજેન્દ્ર પટેલે સ્વાગત-વક્તવ્ય આપ્યું હતું અને વક્તાશ્રીઓનું પરિષદની પરંપરા પ્રમાણે પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. ક. લા. સ્વાધ્યાયમંદિરના નિયામક પારુલ દેસાઈએ વિષય સંદર્ભે ભૂમિકા બાંધી સાંપ્રત સમયમાં પરિસંવાદની અનિવાર્યતા દર્શાવી હતી.

શ્રી ચંદ્રકાન્ત મહેતાએ બીજરૂપ વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સાહિત્ય અને પત્રકારત્વ એકબીજાથી કઈ રીતે અલગ પડે અને આ બંને વચ્ચેની સમાનતાઓ શું છે. તે ઉપરાંત પોતાના અનુભવને આધારે તેમણે અલગ અલગ દૃષ્ટાંતો દ્વારા પોતાનું વક્તવ્ય આપ્યું હતું. તેમણે પત્રકાર એ ફોટોગ્રાફર છે અને સાહિત્યકાર એ ચિત્રકાર છે એમ જણાવી બંને વચ્ચેનો ભેદ દર્શાવ્યો હતો. છેલ્લે તેમણે પહેલાંના યુગના અને આજના યુગમાં કેવાં દૃશ્યો ઊભાં થાય છે તે વિશેની ચર્ચા કરી અને કહ્યું કે, શબ્દ ભુલાવો ના જોઈએ. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક વ્યક્તવ્યમાં સાહિત્યકાર અને પત્રકાર એ એક સિક્કાની બે બાજુ છે એમ કહી, સાહિત્ય અને પત્રકારત્વ કઈ રીતે સમાજને ઉપયોગી છે તેની વાત કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટી શ્રી રઘુવીર ચૌધરીએ અધ્યક્ષીય વક્તવ્ય આપતાં પોતાના સમયનાં ગુજરાતી સાપ્તાહિકો અને સામયિકો વિશે ચર્ચા કરી હતી. ક. લા. સ્વાધ્યાયમંદિરના અધ્યાપક શ્રી ઇતુભાઈ કુરકુટિયાએ ઉદ્‌ઘાટન-બેઠકના વક્તાશ્રીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

પરિષદના પ્રકાશનમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ રાવલે પ્રથમ બેઠકનું સંયોજન કર્યું હતું. આ બેઠકના પ્રથમ વક્તા શ્રી હસિત મહેતાએ 'સાંપ્રત સાહિત્યિક સામયિકો' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમણે સંસ્થાસામયિકો, સર્વલક્ષી-ખુલ્લાં સામયિકો, સ્વરૂપલક્ષી-બદ્ધ સામયિકો, ધ્યેયલક્ષી-પ્રતિબદ્ધ સામયિકો, પ્રકાશનસંસ્થાનાં સામયિકો આ પાંચ ધારાઓના કુલ મળીને ૪૪ જેટલાં સાંપ્રત સાહિત્યિક સામયિકો મળે છે તેમ દર્શાવી કેટલાંક મહત્ત્વનાં સામયિકોની વિસ્તૃત ચર્ચા કરી હતી. ત્યાર બાદ શ્રી કિશોર વ્યાસે 'ગુજરાતી પત્રકારત્વમાં ગ્રંથાવલોકન' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમણે ગુજરાતી સામયિકોમાં કયા દાયકામાં કયા સામયિકોમાં ગ્રંથાવલોકન થતું હતું તેની માહિતી આપી.

વિશેષમાં જણાવ્યું હતું કે 'ગ્રંથ' સામયિકમાં કુલ ૧૦,૦૦૦ પુસ્તકોની સમીક્ષા થઈ હતી. 'ગુજરાત ટાઇમ્સ' સાપ્તાહિકના નિવાસી તંત્રી શ્રી રમેશ તન્નાએ 'ગુજરાતી સાપ્તાહિકો' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે, કુલ મળીને ૧૦૦૦ ગુજરાતી સાપ્તાહિકો છે. તેમણે મુખ્યત્વે 'ચિત્રલેખા' અને 'ગુજરાત ટાઇમ્સ' વિશે વિગતે ચર્ચા કરી હતી. આ બંને સાપ્તાહિકો ભારત અને અન્ય દેશોમાં પણ સાહિત્યરસિકોને સેવા પૂરી પાડે છે. તેથી વિદેશમાં રહેતા ગુજરાતીઓ ગુજરાતી ભાષા સાથે સંલગ્ન રહી શકે છે. અંતે, રઘુવીર ચૌધરીએ બેઠકનું સમાપન કર્યું હતું.

પરિષદના પ્રસારમંત્રી શ્રી નીતન વડગામાએ બીજી બેઠકનું સંયોજન કર્યું હતું. આ બેઠકના પ્રથમ વક્તા શ્રી અજય ઉમટે 'પત્રકાર : એક વિધાયક પરિબળ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમાં તેમણે પત્રકાર એ નીડર અને નિષ્પક્ષ હોવો જોઈએ. પત્રકારે કોઈ પણ સંજોગોમાં સત્ય શોધીને રજૂ કરવું એ બાબત પર ભાર મૂક્યો હતો. 'દિવ્ય ભાસ્કર'ના કટારલેખક શ્રી દીપક સોલિયાએ 'ગુજરાતી દૈનિકોમાં કટારલેખન' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમાં તેમણે નર્મદથી માંડીને ગાંધીજી, ઇન્દુચાચા વગેરે ક્રાંતિકારીઓએ કટારલેખન કરી પ્રજામાં જે જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા હતા તેની ચર્ચા કરી હતી. શ્રી દૃષ્ટિ પટેલે 'પત્રકારત્વ અને આચારસંહિતા' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમાં તેમણે આચારસંહિતા સંબંધિત જુદા જુદા મુદ્દાઓની છણાવટ કરી હતી. અધ્યક્ષીય વક્તવ્યમાં પ્રકાશ ન. શાહે તેમની વિલક્ષણશૈલીમાં પત્રકારોનાં ધર્મ, નીતિ વિશે ચર્ચા કરી હતી.

બંને બેઠકમાં પ્રશ્નોત્તરી દ્વારા મુક્ત ચર્ચા પણ કરવામાં આવી હતી. અંતે, ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે દરેક વક્તાશ્રીઓનો તેમજ શ્રોતાઓનો તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં સાહિત્યરસિકો, પત્રકારત્વના વિદ્યાર્થીઓ, ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, ભાષાભવનના વિદ્યાર્થીઓ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજના વિદ્યાર્થીઓ અને પત્રકારત્વમાં રસ ધરાવતા વ્યક્તિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

– દિલીપ રાવત

## પાક્ષિકી

તા. ૧૭-૧-૨૦૧૩ના રોજ દીનાબહેન પંડ્યાએ વાર્તાનું પઠન કર્યું હતું. એ વાર્તા ખૂબ સરસ હતી. વાર્તાનો અંત વાર્તાનું કલાત્મક પાસું બનીને આવે તેવી નમૂનાવાળી વાર્તા હતી.

## પરિષદની મુલાકાતે

ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાત તા. ૨-૦૧-૨૦૧૩ના રોજ આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસના ભાગ રૂપે લીધી

હતી. જેમાં ૪૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનોનો સમાવેશ થાય છે. પ્રારંભે રાજેન્દ્ર શાહની જન્મ શતાબ્દી નિમિત્તે રાજેન્દ્ર શાહની લઘુ ફિલ્મ બતાવવામાં આવી હતી. ત્યારપછી પરિષદના જુદા જુદા વિભાગો ક. લા. સ્વાધ્યાયમંદિર, ચી. મ. ગ્રંથાલય, રા. વિ. પાઠક સભાગૃહ, વિશ્વ કવિતાકેન્દ્ર અને ગ્રંથાગારની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી. અંતમાં પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલે પરિષદ-પ્રવૃત્તિની વાત કરીને 'પતંગ' વિશેના લઘુ કાવ્યનું પઠન કર્યું હતું.

## પરિષદના આગામી કાર્યક્રમો

### પાક્ષિકી

સંયોજક : દીવાન ઠાકોર; તા. ૭-૦૨-૨૦૧૩, ગુરુવાર, નિર્મળા મેકવાન વાર્તાનું પઠન કરશે. સાંજે ૬-૦૦ કલાકે.

### એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

સંયોજક : પ્રજ્ઞા પટેલ, પારુલ કંદર્પ દેસાઈ; તા. ૦૧૮-૦૨-૨૦૧૩, સોમવાર, ૪-૦૦ કલાકે.

### અનુવાદ-અભિમુખતા

સંયોજક : રૂપા શેઠ; તા. ૧૨-૨-૨૦૧૩, મંગળવાર, સાંજે ૬-૦૦ કલાકે.

### વિશ્વકવિતા કેન્દ્ર

તા. ૬, ૧૩, ૨૦, ૨૭-૨-૨૦૧૩, બુધવાર, સાંજે ૭-૦૦ કલાકે બુધસભા.

### 'ભાષાવિજ્ઞાન અને ગુજરાતીનો અભ્યાસ' વિશે રાષ્ટ્રીય પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ભાષાવિજ્ઞાન અને ગુજરાતીનો અભ્યાસ' વિશે તા. ૨૩-૨-૨૦૧૩ના રોજ સવારે ૯.૩૦ થી ૫.૩૦ સુધી રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કર્યું છે. આ સેમિનારમાં પશ્ચિમી ભાષા સંસ્થાન, પૂનાનાં આચાર્યા શ્રી કલિકા મહેતા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે અને શ્રી યોગેન્દ્ર વ્યાસ બીજરૂપ વક્તવ્ય આપશે. પ્રથમ બેઠકમાં 'ધ્વનિ અને ધ્વનિઘટકો', 'આધુનિક ભાષાવિજ્ઞાનનું ઐતિહાસિક સર્વેક્ષણ', 'અપભ્રંશ અને ગુજરાતીનો સંબંધ' અને 'નરસિંહરાવ દિવેટિયા' વિશે અનુક્રમે સર્વશ્રી રમણ સોની, હર્ષવદન ત્રિવેદી, સલોની જોશી અને હેતલ પંડ્યા વક્તવ્યો આપશે. બીજી બેઠકમાં 'ગુજરાતી કૃદંતો', 'ગુજરાતી વાક્યરચનાની લાક્ષણિકતાઓ', 'પ્રબોધ પંડિત', 'ગુજરાતીમાં અંગસાધન' અને 'ગુજરાતીમાં રૂપરચના : એક રૂપરેખા' વિશે અનુક્રમે સર્વશ્રી અરવિંદ ભાંડારી, પિન્કી પંડ્યા, પી. જે. પટેલ, ઊર્મિ દેસાઈ અને નીલોત્પલા ગાંધી વક્તવ્યો આપશે. રસ ધરાવનાર અધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ સાહિત્યરસિકોને આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

# વર્ષ ૨૦૧૦-૨૦૧૧નાં પારિતોષિક

| ક્રમ | પારિતોષિકનું નામ | નિર્ણાયક | પુસ્તકનું નામ | વર્ષ | પારિતોષિક મેળવનાર |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ભગિની નિવેદિતા | શ્રી શાલિનીબહેન ટોપીવાળા | અંતિમ પ્રકરણ | ૨૦૧૦ | નીલમ દોશી |
| | | | અંતરાલ | ૨૦૧૧ | સુસ્મિતા જોશી |
| ૨. | શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક | શ્રી રતિલાલ બોરીસાગર | ધર્મની સુવાસ | ૨૦૧૦ | મનસુખલાલ સલ્લા |
| | | | લલિતાસહસ્રનામ્ | ૨૦૧૧ | રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ |
| ૩. | શ્રી ઉમા-સ્નેહરશ્મિ | શ્રી ધીરુ પરીખ | અણસરખી રેખાઓ | ૨૦૧૧ | પ્રવીણ દરજી |
| ૪. | શ્રી કાકાસાહેબ કાલેલકર | શ્રી પ્રવીણ દરજી | અમારો શેખનો પાડો | ૨૦૧૦ | ચંદ્રકાન્ત કડિયા |
| ૫. | શ્રી બટુભાઈ ઉમરવાડિયા | શ્રી જનક દવે | વેદકાલીન નારીરત્નો | ૨૦૧૧ | નિર્મળા દેસાઈ |
| ૬. | શ્રી પ્ર. ત્રિવેદી | શ્રી રમેશ બી. શાહ | કોઈને મળતું નથી | – | – |
| ૭. | શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા | શ્રી રમેશ બી. શાહ | આવકાર | ૨૦૧૦ | મોહમ્મદ માંકડ |
| ૮. | શ્રી જ્યોતીન્દ્ર હ. દવે હાસ્ય | શ્રીસતીશ વ્યાસ | ચાલતાં ચાલતાં સિંગાપોર | ૨૦૧૦ | કલ્પના દેસાઈ |
| ૯. | શ્રી બી. એન. માંકડ | ડૉ. સુશ્રુત પટેલ | વિજ્ઞાનરસ | ૨૦૧૧ | ડૉ. કિશોર પંડ્યા |
| ૧૦. | શ્રી રામપ્રસાદ પ્ર. બક્ષી | શ્રી રમેશ એમ. ત્રિવેદી | ચારણી ભાષાનું પિંગળશાસ્ત્ર | ૨૦૧૧ | ડૉ. રમણીકલાલ છ. મારુ |
| ૧૧. | શ્રી તખ્તસિંહ પરમાર | શ્રી રવીન્દ્ર પારેખ | અને રેતપંખી | ૨૦૧૦ | પ્રેરણા કે. લીમડી |
| ૧૨. | શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ | શ્રી મહેન્દ્ર અ. દવે | કવિ રમેશ પારેખ | ૨૦૧૦ | મીતા પારેખ |
| ૧૩. | શ્રી નટવરલાલ માળવી | શ્રી યૉસેફ મેકવાન | ઊમટી આવ્યાં વાદળ | ૨૦૧૦ | ફિલિપ ક્લાર્ક |
| ૧૪. | શ્રી ઉશનસ્ | શ્રી ચિનુ મોદી | ગિરનાર સાદ પાડે | ૨૦૧૧ | ઉર્વીશ વસાવડા |
| ૧૫. | શ્રી દિલીપ ચં. મહેતા | શ્રી હર્ષદ ત્રિવેદી | શબદમાં જિનકું ખાસ ખબરાં પડી | ૨૦૧૧ | હરીશ મીનાશ્રુ |
| ૧૬. | શ્રી મહેન્દ્ર ભગત | શ્રી ભરત દવે | સ્વપ્ન, દુ:સ્વપ્ન અને બીજાં પૌરાણિક નાટકો | ૨૦૧૧ | ચિનુ મોદી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭. | શ્રી રમણ પાઠક | શ્રી જયેશ ભોગાયતા | ફૅક્ટ ઍન્ડ ફિક્શન અને બીજી વાર્તાઓ | ૨૦૧૦-૧૧ | અજય સરવૈયા |
| ૧૮. | શ્રી સદ્‌વિચાર પરિવાર | શ્રી પ્રકાશ ન. શાહ | અંતરનાં ઇન્દ્રધનુષ | ૨૦૧૧ | દિનેશ પાંચાલ |
| ૧૯. | શ્રી ગોપાળરાવ વિદ્વાંસ | શ્રી સંજય ભાવે | ભારતીય ટૂંકી વાર્તાઓના અનુવાદક | ૨૦૧૦ | નિવ્યા પટેલ |
| ૨૦. | શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ | શ્રી ગિરીશભાઈ પંડ્યા | હિંદી મહાસાગર | ૨૦૧૦-૧૧ | નીતિન કોઠારી |
| ૨૧. | શ્રી રમણલાલ સોની | શ્રી યૉસેફ મેકવાન | હા...હા...હી...હી... | ૨૦૧૦ | નરેન્દ્ર પંડ્યા |
| ૨૨. | શ્રી સુરેશા મજમુદાર | શ્રી ઉષા ઉપાધ્યાય | ભારતીય નારીઓનાં પદચિહ્ન | ૨૦૧૧ | બેલા ઠાકર |
| ૨૩. | શ્રી રમણલાલ જોશી | શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા | ઓગણીસમી સદીની ગુજરાતી ગ્રંથસમૃદ્ધિ | ૨૦૧૦ | દીપક મહેતા |
| | | | વાચનવ્યાપાર | ૨૦૧૧ | જયેશ ભોગાયતા |
| ૨૪. | શ્રી ઉપેન્દ્ર પંડ્યા મહાનિબંધ | શ્રી કુમારપાળ દેસાઈ | ચંદ્રકાન્ત ટોપીવાળાનો સાહિત્યતત્ત્વવિચાર | ૨૦૧૧ | ઉર્વી તેવાર |
| ૨૫. | શ્રી ઉપેન્દ્ર પંડ્યા લલિતનિબંધ | શ્રી હરિકૃષ્ણ પાઠક | એક માણસને એવી ટેવ | ૨૦૧૧ | યોગેન્દ્ર પારેખ |
| ૨૬. | શ્રી દિનકર શાહ ‘કવિ જય’ | શ્રી પ્રવીણ પંડ્યા | એકાંતનો અવાજ | ૨૦૧૦ | પન્ના ત્રિવેદી |
| ૨૭. | શ્રી દોલત ભટ્ટ | શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ | વારલી નારણદેવની કથા | ૨૦૧૦ | એ. એ. શેખ,<br>કમલેશ ગાયકવાડ |
| ૨૮. | શ્રી પ્રિયકાન્ત પરીખ | શ્રી મણિલાલ હ. પટેલ | આખું ગગન મારી આંખોમાં | ૨૦૧૦ | જેઠાભાઈ પટેલ |
| | | | વાડ | ૨૦૧૧ | ઇલા આરબ મહેતા |
| ૨૯. | શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી | શ્રી ચિમનલાલ ત્રિવેદી | કોઈને મળતું નથી | – | – |
| ૩૦. | શ્રી ભાનુપ્રસાદ પંડ્યા | શ્રી દલપત પઢિયાર | ગીતપૂર્વક | ૨૦૧૧ | અંકિત ત્રિવેદી |
| ૩૧. | શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | શ્રી પ્રીતિ શાહ | કોઈને મળતું નથી | – | – |
| ૩૨. | શ્રી રામુ પંડિત | શ્રી રોહિત શુક્લ | કોઈને મળતું નથી | – | – |
| ૩૩. | શ્રી પ્રભાશંકર તેરૈયા | શ્રી યોગેન્દ્ર વ્યાસ | ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ | ૨૦૧૦ | અરવિંદ ભાંડારી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪. | શ્રી સર્વોદય આશ્રમ સણાલી કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન | શ્રી અમૃત પટેલ | વારલી નારણદેવની કથા | ૨૦૧૦ | એ. એ. શેખ, કમલેશ ગાયકવાડ |
| ૩૫. | શ્રી બી. ટી. ત્રિવેદી શ્રેષ્ઠ ચર્ચાપત્રી | શ્રી ડંકેશ ઓઝા, પ્રકાશ ન. શાહ | ચર્ચાપત્રી | – | મંજરી મેઘાણી |
| ૩૬. | શ્રી ગુજરાત દર્પણ પારિતોષિક | શ્રી ધીરુ પરીખ | પેન્સિલવેનિયા ઍવન્યૂ | ૨૦૧૦-૧૧ | નટવર ગાંધી |
| ૩૭. | શ્રી ધનરાજ કોઠારી | શ્રી રવીન્દ્ર પારેખ | શબ્દો છે શ્વાસ મારા | ૨૦૧૧ | વિવેક મનહર ટેલર |
| ૩૮. | શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યા | શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ | આધુનિક યુગનાં સામયિક | એપ્રિલ-૨૦૧૧ | જયદેવ શુક્લ |
| ૩૯. | શ્રી ચિ. શિ. ત્રિવેદી પ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક શ્રેષ્ઠ કાવ્ય | શ્રી ધીરુ પરીખ | ડીમન એક્સપ્રેસ | નવે. ૨૦૧૧ | ઉદયન ઠક્કર |
| ૪૦. | શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નિબંધ | શ્રી ગુણવંત વ્યાસ | ઉકરડો | જૂન-૨૦૧૨ | કિશોરસિંહ સોલંકી |
| ૪૧. | શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નવલિકા | શ્રી જયેશ ભોગાયતા | અનુબંધ | માર્ચ-૨૦૧૨ | દીવાન ઠાકોર |